જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૮/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૨૩/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી ૮૬ લીટર દેશી દારૂ, ૭૦૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૫૦૫ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૪૧૦ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૫ કેસ કરી ૧૨૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬,૬૨,૦૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૨૪/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ :- સમાચાર યાદી નં.૨૧૨૫/૧૪

**વટવા :** સલમાબહેન અબ્દુલસલામ પઠાણ (રહે.જૈન આશ્રમ પાસે, નવાપુરા) એ તા.૧૭/૮/૧૪ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૮/૧૪ સાંજનાં ૭/૩૦ થી તા.૧૫/૮/૧૪ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં માનવતાની દ્રષ્ટીએ સાથે રહેતી છોકરી જ્યોત્સના ઉર્ફે રોશની(ઉ.વ.૧૨) ને પુના નામની વ્યક્તિ (જેના પુરા નામની ખબર નથી)(રહે.તલાવડી, મહેમદાવાદ) પોતાનો બદ ઇરાદો પાર પાડવા સારૂ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૧૨૬/૧૪

**ઇસનપુર :** મંજુલાબહેન અમરસિંગ ઠાકોર (રહે.ઠાકોરવાસ, શિવમ ફ્લેટની સામે, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૪ બપોરનાં ૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી એ.સી.પંડ્યા ચલાવે છે.

<u>**વાહન ચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૧૨૭/૧૪**</u>

**મણીનગર :** વિવેક જગતભાઇ પટેલ (રહે.કૃષ્ણ ફ્લેટ, હસમુખભાઇ ટાવરની બાજુમાં, રામબાગ, મણીનગર) એ તા.૧૪/૮/૧૪ કલાક ૧/૦૦ વાગે રહેણાંકના પાર્કિંગમાં પોતાની એસ્ટીમ કાર નંબર જીજે ૧૬ સી.૩૫૬૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિવેક પટેલે તા.૧૭/૮/૧૪ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુ :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૧૨૮/૧૪**</u>

**ઓઢવ :** શિવમસિંગ રામસજીવનસિંગ ઠાકુર અને ઉત્તમસિંગ ઠાકુર (જે બંનેના પુરા નામ સરનામાની ખબર નથી) તા.૧૭/૮/૧૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે વલ્લભનગર એચ.બી.મહેતા સ્કુલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે આઇશર ગાડી નંબર જીજે.૭.વાય.વાય.૯૨૦ ના ચાલકે આઇશર બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતાં શિવમસિંગનું શરીરે ગંભીર ઇજા થવાથી ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યુ હતુ અને ઉત્તમસિંગ ઠાકુરને સારવાર માટે સિવીલ હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કયા હતા. આ અંગેની ફરીયાદ દિપકભાઇ પ્રમોદભાઇ ભટ્ટ (રહે.મુરલીધર સોસાયટી, કઠવાડા રોડ, નવા નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૧૨૯/૧૪**</u>

**શહેરકોટડાઃ** કમલેશભાઇ કચરાભાઇ મકવાણા (ઉ.વ.૩૩)(રહે.રાયચંદ્ર મેઘરાજની ચાલી, અમદૃપુરા નરોડા રોડ) એ કોઇ કારણસર તા.૧૭/૮/૧૪ કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ડીંડોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.